ગુજ.યુનિ.ના અધિકારીની અભદ્ર ભાષા સામે કર્મીઓની હડતાળ

અમદાવાદ, તા. ૧૫

ગુજરાત યુનિવર્સિટીમાં આજે એક અધિકારીએ યુનિવર્સિટીના એક કર્મચારીને ગાળ (અપશબ્દ) દેતા યુનિ.ના તમામ કર્મચારીઓએ વીજળીક હડતાલ પાડી હતી. દરેક કર્મચારી ઉપકુલપતિની લોબીમાં હારબંધ બેસી ગયા હતા. જ્યાં સુધી અધિકારી માફી ન માંગે ત્યાં સુધી હડતાલ ચાલુ રાખવાનું નક્કી કર્યું હતું. ઉપકુલપતિએ મધ્યસ્થી બનીને હાલ પૂરતું સમાધાન કરાવ્યું છે. પરંતુ કર્મચારીઓમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ રહેલી છે.

આજે ગુજરાત યુનિવર્સિટીમાં એક અધિકારીએ એક કર્મચારીને ગાળ આપતા યુનિ.ના તમામ કર્મચારીઓએ વિજળીક હડતાલ પાડીને યુનિ.નું તમામ કામકાજ ઠપ્પ કરી દીધું હતું. દરેક કર્મચારી કામકાજ બંધ કરીને ઉપકુલપતિની કેબિન બહાર લોબીમાં હારબંધ બેસી ગયા હતા. અને જ્યાં સુધી અધિકારી કે જેણે ગાળ આપી હતી તે માફી ન માંગે ત્યાં સુધી હડતાલ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો.

આવતીકાલથી ૩૦૦ કેન્દ્રો પરથી યુનિ.ની વિવિધ પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે જો આ કર્મચારીઓ હડતાલ ચાલુ રાખે તો પરીક્ષાની કાર્યવાહી સંપૂર્ણપણે ખોરવાઈ જાય તેવી પરિસ્થિતિ પેદા થઈ હતી.

આ બધા વચ્ચે ઉપકુલપતિએ કર્મચારીઓ અને અધિકારી વચ્ચે કામચલાઉ સમાધાન કરાવ્યું હતું. પરંતુ કર્મચારીઓમાં હજી પણ ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ છે. જો પરીક્ષા દરમ્યાન ફરી કંઈક થશે તો કર્મચારીઓ હડતાલ પાડે તો પરીક્ષાઓને સીધી અસર પહોંચે તેવી પરિસ્થિતિ રહેલી છે.

માર્ગ અને મકાન વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓમાં અસંતોષની લાગણી

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય સરકારે નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પર, સિંચાઈ વિભાગના કર્મચારીઓની બદલી અને બઢતીમાં સીધો જ લાભ મળે તે માટે નીતિ વિષયક યોગ્ય નિર્ણય લીધો હતો. રીટ પીટીશન સામે કોર્ટે કર્મચારીઓની તરફેણમાં ચૂકાદો કરતા વર્ગ-૩ના કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી પરંતુ આ બાબતે માર્ગ અને મકાન વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓ વંચિત રહી જતાં કર્મચારીઓમાં અસંતોષની લાગણી વ્યાપી છે. માર્ગ અને મકાન વિભાગના વર્ગ-૩ની કેડરોમાં ૪ કેડરો કરવાનું જાહેરનામુ તેમજ આર.આર.માં સુધારો નહીં કરવામાં આવતાં વર્ગ-૩ના કર્મચારીઓ નારાજ છે.

સામાન્ય વહીવટ વિભાગે માર્ગઅને મકાન વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓ માટે ૪ કરોડનું જાહેરનામુ બહાર નહીં પાડતા તેમજ વર્ગ-૨૦૦૮ થી વર્ગ-૨ની બઢતી માટેના આર.આર. સુધારવામાં નહી આવતા કર્મચારીઓમાં અસંતોષ છે. આ જગ્યાઓ બઢતી/બદલીથી સમયસર નહી ભરવામાં આવતાં કેટલાક વર્તુળોની વર્ગ-૨ની હંગામી જગ્યાઓ રદ કે એબીયન્શમાં મુકવામાં આવતાં વર્ગ-૨ની બઢતી વિના જ વર્ગ-૩ના કર્મચારીઓ નિવૃત્ત પામતાં માર્ગ અને મકાન વિભાગમાં વર્ગ-૩ના કર્મચારીઓ ૩૫ વર્ષની નોકરી કરવા છતાં માનભેર બઢતી મેળવી શકતાં નથી.

સરકારશ્રી કક્ષાએથી આવી નીતિ વિષયક ફાઈલો પર ચાર ચાર વર્ષથી પત્ર વ્યવહારમાં જ વ્યતીત થાય તે માર્ગ અને મકાન વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓની મોટી કમનસીબી છે. સરકારશ્રીના એક સરખા જ વિભાગોમાં એક સરી કેડરો ધરાવતા વિભાગોમાં સરકારશ્રી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર અને સિંચાઈ વિભાગમાં મદદનીશ અધિક્ષક અને સીનિયર ક્લાર્કની જગ્યાઓ મર્જ કરવામાં આવેલ છે, જ્યારે માર્ગ અને મકાન વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓની મદદનીશ અધિક્ષક (વર્તુળ) અને સીનિયર ક્લાર્કની જગ્યા મર્જ કરવામાં નહીં આવતા અને ચાર ચાર વર્ષ થવા છતાં આર.આર.માં સુધારો નહીં કરવામાં આવતાં કર્મચારીઓને વર્ગ-૨માં કચેરી અધિક્ષક ઘણા સમયથી ખાલી જગ્યાઓ પર બઢતી મળતી નથી. જેથી વર્ગ-૩ના કર્મચારીઓમાં ઉપરની કેડરો ખાલી હોવા છતાં નીચેની કેડરોથી જાહેરનામુ તેમજ આર.આર.સુધારવા અંગે ત્વરીત નિર્ણય લેવાય તેની આતુરતાથી કર્મચારીઓ રાહ જોઈ રહ્યા છે તેવી લોકલાગણી છે.

આગામી વર્ષમાં ૧.૨૦ લાખ આવાસો બાંધવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૫

રાજયના વંચિત, ગરીબ અને ઘરવિહોણા પરિવારોને ઘર બનાવવાના સ્વપન્નને સાકાર કરવા રાજય સરકારની કટીબદ્ધતા વ્યકત કરીને પંચાયત મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આજે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, રોટી, કપડા ઔર મકાનની મૂળભૂત જરૂરીયાત પૈકી મકાનોની જરૂરિયાતો પૂરી પાડવાની રાજય સરકારની પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિના પરિણામો જ છેલ્લા ૧૦ વર્ષમાં ૪ લાખ ઘરવિહોણા પરિવારોને પોતાનું ઘર બનાવી આપવામાં આવ્યું છે. એ જ રીતે આગામી વર્ષમાં પણ સરદાર પટેલ આવાસ યોજના હેઠળ વધુ ૧,૨૦,૬૯૮ આવાસો બાંધવામાં આવશે. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈના સ્વપ્નને સાકાર કરતી કાચા મકાનોને પણ પાકું મકાન બનાવવાની દિશામાં પણ રાજય સરકાર ઝડપભેર આગળ વધી રહી છે. આ યોજના અંતર્ગત રાજયના તમામ કાચા મકાનો અને ઝુંપડાઓના સર્વેની કામગીરી લગભગ પૂર્ણતાએ છે જે ચાલુ મહિનાના અંતમાં જ પૂર્ણ થઈ જશે. તેમ પંચાયત મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પંચાયત વિભાગની રૂા. ૧૬૫૦ કરોડની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો પ્રત્યુત્તર આપતા જણાવ્યું હતું. પંચાયત મંત્રીશ્રીના પ્રત્યુત્તર બાદ પંચાયત અને ગ્રામવિકાસ વિભાગની રૂા. ૮૦૦ કરોડની માંગણીઓને મંજૂર કરવામાં આવી છે.

ઘરવિહોણા અને કાચા મકાન ધરાવતા બી.પી.એલ. કુટુંબોને પાકા મકાન આપવાની કામગીરીને રાજય સરકારે પ્રાધાન્ય આપીને બજેટની કુલ જોગવાઈ રૂા. ૧૬૫૦ કરોડ પૈકી રૂા. ૧૦૬૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

જેનીસીસ અન્વયે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈજનેરી ક્ષેત્રના વિદ્યાર્થીઓએ આજના યુવાનોએ રાજકારણ અંગેના વિચારો રજુ કર્યા હતા. જેમાં યુવાનો રાજનીતિમાં શું બદલાવ લાવી શકે તે અંગેનો ખ્યાલ પણ રજૂ કરાયો હતો. ઓટો એસેમ્બલીમાં પણ વિદ્યાર્થીઓએ કારના મિકેનીઝમનું ડેમોસ્ટ્રેશન રજૂ કર્યું હતું. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. ડી.ટી. કાપડીયા, કોલેજના આચાર્ય ડૉ. ગાર્ગીબેન રાજપરાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. પ્રો. યોગેશ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

રહસ્યમય આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કામોલને બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ મોકલી દેવાયો હતો. જ્યારે અંદર એક બીજી મહિલા ફસાયેલી હતી તે પાછળના દરવાજેથી ક્યાંક નીકળી ગઈ હતી. આ સમગ્ર ઘટના ખુબજ રહસ્યમય છે. બંગલા બહાર પડેલી સુમો ગાડી નં. જીજે-૧-એ.આર.-૯૭૮માં તોડફોડ થયેલી હતી અને બંગલાની ફેન્સીંગમાં બાઈક ઘુસાડી દેવાયેલુ હતુ. સે. ૨૧ પી.આઈ. સ્ટાફ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને તેમણે રહસ્યમય ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે.

બજેટ દિશાહીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે આમાં અમને ગોલમાલની બદબૂ આવી રહી છે.

શ્રી જયેશ પટેલે જણાવ્યું હતું કે એક મહિના પહેલાં જે ખર્ચના હિસાબો રજુ થયા હતા તેમાં એકાએક ઉછાળો આવી ગયો અને તેના આધારે નવા વર્ષના અંદાજો તૈયાર કરાયા છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે પંચાયતના પદાધિકારીઓ માટે લખલુટ ખર્ચ ફાળવવામાં આવ્યું છે જ્યારે ગ્રામીણ વિસ્તારોના માર્ગ-મરામત માટે નહિવત રકમની ફાળવણી કરવામાં આવી છે. પંચાયતની ડાયરીમાં મહામહીમ રાજ્યપાલશ્રીના ફોન નંબરો કે રાજ્ય સરકારના મંત્રીમંડળના સભ્યોના ફોન નંબરો નથી દર્શાવાયા. આ ડાયરી શું કામની ? તેમણે એમ પણ જણાવ્યું હતું કે ડાયરીમાં જાહેરાતોની આવક કેટલી થઈ અને ડાયરીનો ખર્ચ શું થયો ? તે પણ દર્શાવવામાં આવ્યુ નથી.

શ્રી જયેશ પટેલે આજની બેઠકમાં તંત્રને આડે હાથ લીધુ હતુ અને લક્ષ્યાંકોની સિદ્ધિઓનું સું થયું તેના વિશે મૌન સેવવાની વાત યોગ્ય નથી.

તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં બક્ષીપંચની વસ્તીનું પ્રભુત્વ છે પણ આ વસ્તીના વિકાસ માટે કોઈ જ નવી યોજના નહિ લાવી તેમને અન્યાય કરવામાં આવ્યો છે. એટલું જ નહિ સમાજ કલ્યાણની કેટલીક યોજનાઓમાં જોગવાઈ ઘટાડવામાં આવી છે.

સેવા નિવૃત્ત એ. કે. જોતી અને ચિંતરંજનસિંઘને ઉષ્માભરી વિદાય

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાંથી તાજેતરમાં સેવા નિવૃત્ત થયેલા, મુખ્ય સચિવશ્રી અચલકુમાર જોતી અને પોલીસ મહાનિદેશકશ્રી ચિતરંજનસિંહને ઉષ્માસભર વિદાયમાન આપ્યું હતું. આ સમારોહમાં નવનિયુકત મુખ્ય સચિવશ્રી વરેશ સિન્હા તથા પોલીસ મહાનિદેશકશ્રી અમિતાભ પાઠકને પણ ભાવભર્યો આવકાર આપવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીના નિમંત્રણથી યોજાયેલા આ સૌજન્યસભર સમારંભમાં વિધાનસભા અધ્યક્ષશ્રી વજૂભાઈ વાળા, રાજય મંત્રીમંડળના સભ્યશ્રીઓ, તમામ સનદી અધિકારીઓ અને તેમના પરિવારોએ ઉપસ્થિત રહીને વિદાય લેનારા સેવાનિવૃત્ત બંને અધિકારીઓને શુભેચ્છા આપી હતી અને નવો પદભાર સંભાળનારા બંને પદાધિકારીઓને અભિનંદન આપ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી શ્રી ઈરફાન પઠાણે સૌજન્ય મૂલાકાત લીધી હતી. ગુજરાતના શાસનનું ઐતિહાસિક કુશળ નેતૃત્વ સંભાળી રહેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીને શ્રી ઈરફાન પઠાણે હાર્દિક શુભેચ્છા અને અભિનંદન આપ્યા હતા અને શ્રી યુસુફ પઠાણના લગ્ન માટેનું નિમંત્રણ સાદર કર્યું હતું.

પંચાયતના મકાન માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રથમ પ્રવચનમાં જ તંત્રને આડે હાથ લીધું હતું.

શ્રી અમીત ચૌધરીએ આજે પંચાયત વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં બોલતાં જણાવ્યું હતું કે આ સરકારના બજેટનો અભ્યાસ કરતાં જણાય છે કે તેમાં આમ આદમી વિસરાયો છે. માત્ર વાતો મોટી કરાય છે. તેમણે જણાવ્યું કે સર્વેક્ષણ અને અભ્યાસ માટેની જોગવાઈમાં કાપ, ઈન્ટરનેટ કનેકટીવીટીના અભાવે ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યૂટરો ધૂળ ખાય છે. આ ઉપરાંત ગરીબ કલ્યાણ મેળાની જોગવાઈમાં ઘટાડો શું સૂચવે છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા ૧૫ વર્ષથી જમીનની માંગણી કરવામાં આવી રહી છે પણ સરકાર એક પ્લોટ ફાળવી શકતી નથી. સરકાર પ્લોટ આપશે તો પંચાયત તેના સ્વભંડોળમાંથી મકાન બનાવશે એમ પણ તેમણે જણાવ્યું હતું.

શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે શંકરસિંહની સરકારે તો વોટર વર્કસના બિલ માફ કર્યા હતા અને તાલુકા વિભાજનની વાતો નહિ અમલ કરી બતાવ્યો હતો. પંચાયત પરિષદની બેઠક ચાર વર્ષથી મળી નથી. એ.ટી.વી.ટી.માં પણ ત્રણ બિનપક્ષીય સભ્યોની નિમણુંક કરવાની વાત તેમણે કરી હતી.

જિલ્લા કક્ષાએ સમિતિઓની બેઠકો નિયમિત નહી મળતી હોવાની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે ગામ તળની જમીનો નીમ કરવા માટેની કેટલીય દરખાસ્તો આજે પણ ધૂળ ખાય છે.

ફરજીયાત રજા પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિના જ બારોબાર નિયત સમયમર્યાદાનો ભંગ કરી જારી કરવામાં આવી હોવાના આક્ષેપને લઈ આજે સામાન્ય સભામાં હોબાળો મચી જવા પામ્યો હતો.

આ બેઠકને રદ ગણવી જોઈએ તેવી પણ માંગ એક તબક્કે ઉઠી હતી. સત્તાધારી પક્ષના સભ્યોએ અધિકારીશ્રીના આવા બેહુદા વલણને લઈ ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો.

પૂર્વ ચેરમેન શ્રી અજીતસિંહ રાઠોડ અને શ્રી રાણા વચ્ચેના મતભેદો આજે બહાર આવ્યા હતા અને સભ્યોએ આ મામલે ઉગ્ર તડાપીટ બોલાવી હતી.

કાર્યપાલક ઈજનેરને તાત્કાલિક ફરજીયાત રજા પર ઉતારી દેવાની માંગણી પણ સભ્યોએ કરી હતી. આ પછી સભ્યોએ આ અધિકારીને તાત્કાલિક તેમના વિભાગમાં પરત મોકલવાની કાર્યવાહી કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીને સૂચવતો પ્રસ્તાવ પણ બહુમતિથી પસાર કર્યો હતો.

જિલ્લા પંચાયતમાં અગાઉ પણ ઈજનેરોને વિભાગમાં પરત મોકલવા અંગેના પ્રસ્તાવો સામાન્ય સભામાં પસાર થયા છે જે ઉલ્લેખનીય છે.

ગેંગનો પર્દાફાશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયું હતું. લુંટ મર્ડર કરીને અલગ જ એમ.ઓ ધરાવતી આ ગેંગ રફ્ફુચક્કર થઈ ગઈ હતી. બાતમીને આધારે ગાંધીનગર એલસીબી પોલીસે આ ગેંગને આજે ઝડપી પાડી છે. તેમની સઘન પુછપરછ કરતાં છત્રાલ હાઈવે લુંટ વિથ મર્ડરનો ગુનો તેમની ગેંગે કર્યો હોવાની કબુલાત કરી લીધી છે. તે ઉપરાંત વધુ પુછપરછમાં બહાર આવ્યું છે કે આ ગેંગે અગાઉ આ જ એમ.ઓથી અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, બનાસકાંઠા, પાલનપુર સહીતના હાઈવે પર પણ લુંટ મચાવેલી છે. જેને આધારે વધુ તપાસ શરુ કરવામાં આવી છે. આ ગુનામાં ત્રણ સુત્રધારોની ધરપકડ કરીને ડડક પુછપરછ હાથ ધરવામાં આવી છે.

ગેરકાયદેસર દબાણો...

● ત્રીજા પાનાનું ચાલુ

છીનવાઈ જતાં જો તમામ દબાણો દૂર કરવામાં આવે તો નગરની રોનક છીનવાય, ધંધા રોજગારનું બજાર તુટી પડે જેને લઈ સિટિ સર્વે કચેરી સજાગ હોવાનું જણાઈ રહ્યું છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીમાં તાજેતરમાં વચેટીયાં એજન્ટ દ્વારા લાંચ અંગેનો ભ્રષ્ટાચાર રંગે હાથ પકડાયેલ છે ત્યારે જિલ્લા કલેકટરશ્રી ઉપરોકત બાબતો અંગે તપાસ કરાવશે કે કેમ તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. સરકાર જો પ્રમાણિક અમલદાર દ્વારા તપાસ કરાવે તો દહેગામ નગરના મોટા કૌભાંડો બહાર આવે તેવું લોક મુખે સાંભળવા મળ્યું છે.

બજેટ સર્વાનુમતે મંજુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાકાર કરવાનો પ્રયાસ કરાયો છે.

તેમણે જણાવ્યું હતું કે ખેતીવાડી ક્ષેત્રે રૂ. ૩ લાખની વધુ જોગવાઈ પશુપાલન ક્ષેત્રે રૂ. ૭ લાખની વધુ જોગવાઈ, આરોગ્ય ક્ષેત્રે વધુ ૩૦ લાખની જોગવાઈ શિક્ષણક્ષેત્રે પણ વધુ છ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

શ્રીમતિ મંગીબેન પટેલે જણાવ્યું હતુ કે પંચાયતની વિવિધ પ્રવૃત્તિઓને આવરી લઈને પુરાંતવાલુ વાસ્તવદર્શી અંદાજપત્ર તૈયાર કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે પાણીની સુવિધા માટે ગ્રામ પંચાયતોને સહાય માટે રૂ. ૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જેથી પાણીની સુવિધાઓમાં વધારો કરી શકાશે. આંગણવાડી કેન્દ્રો માટે પ્રોત્સાહન માટે રૂ. પાંચ લાખ તથા સાધન સંરજામ સહાય માટે રૂ. પાંચ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

જિલ્લા પંચાયતના મકાનના વિસ્તરણ તેમજ પંચાયત હસ્તકના ગેસ્ટ હાઉસોની જાળવણી મરામત અને નિભાવણી માટે પણ ખાસ જોગવાઈ કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

પંચાયતની કામગીરીનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનો નિર્દેશ આપતાં શ્રીમતિ મંગીબેન પટેલે જણાવ્યું હતું કે નવા કોમ્પ્યુટરોની ખરીદી તેમજ તેની મરામત અને જાળવણી માટે પણ જરૂરી નાણાંકીય જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવી છે.

કરકસરભર્યા વહીવટ સાથે વિકાસને વેગ આપવામાં આવશે અને છેવાડાના માનવીને વિકાસના ફળ આપવા મળે તે માટે સમાજ કલ્યાણ ક્ષેત્રે પણ જરૂરી જોગવાઈઓ કરવામાં આવી છે.

સને૨૦૧૩-૧૪ના વર્ષમાં નીચે મુજબની નવીન યોજનાઓનો સમાવેશ કરેલ છે જેમાં આરોગ્યક્ષેત્રે : નવીન જીમ તથા જાળવણી માટે રૂ. ૩૦ લાખ નવીન જોગવાઈ કરવામાં આવેલ છે. આયુર્વેદ ક્ષેત્રે - પ્રચાર પ્રસાર નિદાન ચિકિત્સા કેમ્પ ખર્ચ (દવાઓ સાથે) રૂ. ૨ લાખની નવીન જોગવાઈ કરવામાં આવેલ છે. શિક્ષણક્ષેત્રે - પ્રા. શાળામાં સી.સી.ટી.વી. કેમેરા અને આનુસંગીક ફીટીંગ માટે રૂ. ૬ લાખની તથા એક્સ પોઝર વિઝીટ માટે રૂ. ૩ લાખ નવીન જોગવાઈ કરવામાં આવેલ છે. બાંધકામક્ષેત્રે - નવીન લિફ્ટની ખરીદી તથા જાળવણી રૂ. ૩૦ લાખ તથા રાજ્ય-કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ મળતી ન હોય તેવા પરાને જોડતા રસ્તાઓ બનાવવા માટે રૂ. ૨૫ લાખની નવીન જોગવાઈ કરવામાં આવેલ છે.

પુરાંત દર્શાવતું બજેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ આગેવાનોએ જણાવ્યું છે કે મર્યાદિત આવકના સ્ત્રોતો સામે ખર્ચનું યોગ્ય આયોજન કરવાની સાથે વિકાસનું પણ એટલુ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. પશુપાલન ક્ષેત્રે મોબાઈલ રોગ નિદાન પ્રયોગ શાળા કમ પશુ દવાખઆનાની જોગવાઈ, કૃષિક્ષેત્રે રૂ. ૩ લાખની વધારે જોગવાઈ સાથે સાથે વહીવટીતંત્રના કોમ્પ્યુટરાઈઝેશનનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. પાતાળકુવાના રીપેરીંગ માટે રૂ. ૪ લાખની જોગવાઈ કરવા ઉપરાંત પંચાયતોને પાણીની સુવિધા માટે રૂ. ૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત જિલ્લા પંચાયતના કર્મચારીના અવસાન સમયે તેમના કુટુંબીજનોને સહાય આપવા રૂ. ૧.૫૦ લાખની જોગવાઈ. આ ઉપરાંત જિલ્લા પંચાયતના અધિકારી/કર્મચારી કલ્યાણ અને રમત ગમત સાધનો માટે રૂ. ૧ લાખની જોગવાઈ કરેલ છે. અને જિલ્લા પંચાયતના કર્મચારીઓના બાળકોને અભ્યાસના સારા દેખાવ માટે રૂ. ૫૦ હજારની જોગવાઈ કરેલ છે. જિલ્લા પંચાયતનાં કર્મચારીઓ અને તેમનાં કુટુંબીજનોને ગંભીર માંદગીમાં મદદરૂપ થવા તાત્કાલિક ધોરણે રૂ. ૧ લાખની વ્યાજમુક્ત સહાય ૨ વર્ષમાં ભરપાઈ કરવાની શરત રૂ. ૧૦ લાખની સ્વભંડોળ સદરે જોગવાઈ કરવામાં આવેલ છે. કુદરતી તેમજ માનવ સર્જીત આપત્તિમાં તાત્કાલિક ધોરણે મદદરૂપ થવા રૂ. ૧ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

શબ્દાવલી - ૫૦૦૮



આડી ચાવી

૧. જોઈતા પ્રમાણમાં, પ્રતિકૂળ નહિં તેવું (૪)
૩. હેતુ (૩)
૪. પવન, મિહિર (૨)
૫. રહેવું તે, ... કરવો (૪)
૮. ચક્ષુદાન (૪)
૧૦. મકાનનો ફલૉર, મજલો (૨)
૧૧. ઉપાધિ, વ્યાધિ (૨)
૧૩. મોટી, ખુબ (૪)
૧૫. ગુસ્સાવાળુ, અડિયલ (૩)
૧૭. અગ્નિ, આગ (૨)
૧૮. નાડી, નસ (૨)
૧૯. પૈસા, ધન (૨)

ઊભી ચાવી

૧. ખુટી ના જાય તેવું (૩)
૨. મહાભારતના યુધ્ધનું મેદાન (૪)
૩. નિવાસ... (૩)
૪. હોમ..., યજ્ઞ (૩)
૬. સ્ત્રી (૨)
૭. ભૂખે મરવું, ભૂખથી...(૫)
૮. રાજકારણીને ... કહેવાય (૨)
૯. જમવાનું નિમંત્રણ, મિજબાની (૩)
૧૧. ચિંતાગ્રસ્ત (૪)
૧૨. જુદાઈનો ગમ, તડપવું તે (૩)
૧૩. એક જંતુ (૨)
૧૪. યાદશક્તિ વધારવા ઘણા... ખાય છે (૩)
૧૬. માગવાનો આદેશ (૨)

શબ્દાવલી ૫૦૦૭ના જવાબ

આડી ચાવી :- (૧) શુભારંભ (૪) ખપત (૬) વળતર (૮) શાલીનતા (૯) વડ (૧૦) હોળી (૧૧) વેતરી (૧૩) લાચા (૧૫) કસબ (૧૭) શકુનિ (૨૦) હોહા (૨૧) લાજ (૨૨) પાવનકારી

ઊભી ચાવી :- (૧) ભાગ્યશાળી (૩) ભવન (૪) ખત (૫) પરવરીશ (૭) ળતાવે (૧૦) હોબાળો (૧૨) તક (૧૩) લાશ (૧૪) ચાકુ (૧૬) બલિહારી (૧૮) નિભાવ (૧૯) વિજ (૨૦) હોકા

ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ
વર્તુળ કચેરી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫, ફોન : ૨૭૫૦૦૯૮૧

જાહેર વિજ્ઞપ્તિ

ડાર્કઝોન વિસ્તારના તા. ૧૭/૯/૨૦૧૨થી તા. ૧૬/૧૦/૨૦૧૨ સુધી ''ક'' વિભાગમાં નોંધાયેલ કૃષિ વિષયક જોડાણની અરજીઓનો અગ્રતાક્રમ નક્કી કરવા બાબતે.

રાજયના અગાઉના ડાર્કઝોન વિસ્તારમાં નવીન કૃષિ વિષયક વીજજોડાણ માટેની અરજીઓ તા. ૧૭/૯/૨૦૧૨ થી તા. ૧૬/૧૦/૨૦૧૨ સુધી જે તે વિસ્તારની વીજ કંપનીની સંલગ્ન પેટાવિભાગીય કચેરીઓ ખાતે નોંધણી કરવામાં આવેલ હતી. સદર વીજજોડાણની અરજી સાથે ફરજીયાતપણે ટપક / ફુવારા પદ્ધતિનો અમલ કરવા માટેનું સંમતિપત્રક પણ લેવામાં આવેલ છે.

નોંધાયેલ અરજીઓ પૈકી જે અરજદારે ઉપરોક્ત સમયગાળામાં અરજીની નોંધણી કરાવેલ હોય તેમજ માંગણીવાળા સર્વે નંબરમાં બોર / કુવો હયાત હોય તેવા (''ક'' વિભાગના) અરજદારોનો અગ્રતાક્રમ નક્કી કરવા માટે સક્ષમ અધિકારી તેમજ લોક પ્રતિનિધિની હાજરીમાં નીચે દર્શાવેલ સમય અને તારીખે ડ્રો યોજવામાં આવશે. ''ક'' વિભાગના નોંધાયેલ અરજદારો ડ્રોની તારીખ અને સમયે ઉપસ્થિત રહી શકશે તેમજ સંલગ્ન પેટાવિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપર દર્શાવેલ લીસ્ટમાં પોતાનો નંબર મેળવી શકશે. આ અંગે વધુ વિગતોની જાણકારી માટે સંલગ્ન પેટાવિભાગીય કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે. અરજદાર પોતાનો ક્રમ નંબર ુ્ભ્ભ્ઝ્ઝ.ર્ઠ્ઠ વેબસાઈટ ઉપરથી પણ જાણી શકાશે.

અ.નં.	ડ્રોની તારીખ	વાર	સમય	પેટા વિભાગીય કચેરી/ડ્રોનું સ્થળ
૧	૧૯/૩/૨૦૧૩	મંગળવાર	સવારે ૧૦.૩૦ કલાકે	બાવળા (ઈન્ડ.)/બાવળા વિભાગીય કચેરી
			સવારે ૧૧.૦૦ કલાકે	બાવળા-૧/બાવળા વિભાગીય કચેરી
			બપોરે ૨.૩૦ કલાકે	સાણંદ-૧/સાણંદ-૧ સબ ડિવિઝન
૨	૨૦/૩/૨૦૧૩	બુધવાર	સવારે ૧૦.૩૦ કલાકે	સાણંદ-૨/સાણંદ-૨ સબ ડિવિઝન
૩	૨૬/૩/૨૦૧૩	મંગળવાર	સવારે ૧૦.૩૦ કલાકે	ચિલોડા-૧ / ચિલોડા-૧ સબ ડિવિઝન
			બપોરે ૧૧.૩૦ કલાકે	ચિલોડા-૨ / ચિલોડા-૨ સબ ડિવિઝન
			બપોરે ૨.૩૦ કલાકે	દહેગામ (ટાઉન)/દહેગામ (ટાઉન) સબ ડિવિઝન
			બપોરે ૨.૪૫ કલાકે	દહેગામ (રૂરલ)/દહેગામ (રૂરલ) સબ ડિવિઝન
૪	૨૮/૩/૨૦૧૩	ગુરૂવાર	સવારે ૧૦.૩૦ કલાકે	રખિયાલ / રખિયાલ સબ ડિવિઝન

ઉપરોક્ત દર્શાવેલ તારીખ અને સમયે ડ્રો પૂર્ણ થઈ ગયા બાદ ''ક'' વિભાગના અરજદારોએ સંલગ્ન પેટાવિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપરથી નવીન નંબલ મેળવી લેવા વિનંતી છે.

(શ્રીમતી સી. આર. દેસાઈ)
વિશેષ મુખ્ય ઈજનેર
ઉ.ગુ.વી.કં.લી., સાબરમતી

જાહેર નિવિદા

વાહન ભાડે રાખવા માટે વાર્ષિક કરાર-દર

એજન્સીને પરિવહન સેવા પૂરી પાડવા માટે સક્ષમ અને અનુભવી ટ્રાવેલ એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં દર મંગાવવામાં આવે છે. તા. ૧૮/૩/૨૦૧૩ થી તા. ૨૫/૩/૨૦૧૩ દરમિયાન તમામ ચાલુ દિવસોએ બપોરના ૨.૩૦ થી ૫.૦૦ કલાક દરમિયાન રૂ. ૫૦૦/-ની ટેન્ડર ફી રોકડેથી ભરીને ટેન્ડર ડૉક્યુમેન્ટ ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી કાર્યાલયમાંથી મેળવી લેવું. ટેન્ડર ડૉક્યુમેન્ટ જેડાની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

આપના સુચિત દર સાથેનું ટેન્જર ડૉક્યુમેન્ટ જેડા કાર્યાલયમાં તા. ૨૬-૩-૨૦૧૩ના રોજ બપોરના ૩.૦૦ વાગ્યા સુધી કે તે પહેલાં પહોંચાતું કરવું. તેની સાથે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના નામનો કોઈપણ રાષ્ટ્રીય કૃત બેંકનો ગાંધીનગર ખાતે ચૂકવવાપાત્ર રૂ. ૧૦,૦૦૦/-નો